અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાની શિષ્યવૃત્તિની યોજનાઓના અમલીકરણ માટે NIC, ગાંધીનગર ખાતે કોન્ટ્રાક્ટ્યુઅલ મેનપાવર મેળવવા બાબત.(સીનીયર પ્રોગ્રામર અને પ્રોગ્રામર)

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: SJED/EOD/e-file/17/2022/1929/J Section
સચિવાલય, ગાંધીનગર.
તા.ઈ-સાઈન મુજબ

**વંચાણમાં લીધા:-**
(૧) આ વિભાગના સરખા ક્રમાંકના તા.૧૦/૦૭/૨૦૨૬, તા.૧૨/૧૦/૨૦૨૬, તા.૦૪/૧૨/૨૦૨૩, તા.૩૦/૧૦/૨૦૨૪ અને તા.૩૦/૧૨/૨૦૨૫ના ઠરાવો.
(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીનો તા.૦૭/૦૭/૨૦૨૬નો પત્ર ક્રમાંક: અજાક/ગ-૧/૫/૨૬-૨૭/૨૧૪૯-૫૧.

**આમુખ:**
વંચાણે લીધેલ ક્રમાંક-(૧) પરના વિભાગના સરખા ક્રમાંકના તા.૩૦/૧૨/૨૦૨૫ ઠરાવથી શિષ્યવૃત્તિની યોજનાઓના અમલીકરણ માટેના ડીજીટલ ગુજરાત પોર્ટલની કામગીરી માટે NIC, ગાંધીનગર ખાતે .Net Technology સ્કીલ ધરાવતા ૦૩ સિનીયર પ્રોગ્રામર (**૭ વર્ષથી ૧૦ વર્ષના અનુભવ),** ૦૩ સિનીયર પ્રોગ્રામર (૦૫ વર્ષના અનુભવ) અને ૦૩ પ્રોગ્રામર (૦૨ વર્ષના અનુભવ) એમ કૂલ-૦૯ પ્રોગ્રામરની કરાર આધારિત સેવાઓ ૧૧ માસ માટે ઓગષ્ટ-૨૦૨૬ સુધી મંજૂરી આપવામાં આવેલ હતી.

વંચાણે લીધેલ ક્રમાંક-(૨) પરની નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગરની દરખાસ્ત અન્વયે **૦૩-સીનીયર પ્રોગ્રામર (૬ થી ૧૦ વર્ષ અનુભવ),** ૦૩-પ્રોગ્રામર (૩ થી ૫ વર્ષ અનુભવ) તથા ૦૩-પ્રોગ્રામર(૦ થી ૨ વર્ષ અનુભવ) એમ કુલ-૦૯ જગ્યાઓ વધુ ૧૧ માસ **(માહે સપ્ટેમ્બર-૨૦૨૬ થી જુલાઈ-૨૦૨૭ સુધી)**માટે ચાલુ રાખવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**
કાળજીપૂર્વકની વિચારણાના અંતે, શિષ્યવૃત્તિની યોજનાઓના અમલીકરણ માટેના ડીજીટલ ગુજરાત પોર્ટલની કામગીરી માટે NIC, ગાંધીનગર ખાતે .Net Technology સ્કીલ ધરાવતા **૦૩-સીનીયર પ્રોગ્રામર(૬ થી ૧૦ વર્ષ અનુભવ),** ૦૩-પ્રોગ્રામર(૩ થી ૫ વર્ષ અનુભવ) તથા ૦૩-પ્રોગ્રામર(૦ થી ૨ વર્ષ અનુભવ) એમ **કૂલ-૦૯ જગ્યા મુદ્દત પુરી થયેથી વધુ ૧૧ માસ માટે(માહે સપ્ટેમ્બર-૨૦૨૬ થી જુલાઈ-૨૦૨૭ સુધી)** કરાર આધારિત iNDEXTb મારફત નિયત દરો મુજબ મેળવવા આથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | અનુભવ | માસિક મહેનતાણું **(Rate Exclusive Tax)** |
|---|---|---|---|---|
| ૧ | સીનીયર પ્રોગ્રામર | ૩ | ૬ વર્ષ થી ૧૦ વર્ષ | રૂ.૧,૩૪,૬૧૩/- થી રૂ.૧,૭૩,૬૭૫/- |
| ૨ | પ્રોગ્રામર | ૩ | ૩ વર્ષ થી ૫ વર્ષ | રૂ.૬૧,૨૯૭ થી રૂ.૧,૦૨,૧૬૨/- |
| ૩ | પ્રોગ્રામર | ૩ | ૦ વર્ષ થી ૨ વર્ષ | રૂ.૩૦,૬૪૮ થી રૂ.૪૮,૦૭૬/- |

વંચાણે લીધેલ ક્રમાંક(૧) ઉપરના વિભાગના સરખા ક્રમાંકના ઠરાવોની અન્ય શરતો યથાવત

Signature Not Verified
Signed by : Dr Anant Garg
Under Secretary
Social justice and Empowerment Department
Date : 2026.08.28 15:09:21 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૧૪/૦૮/૨૦૨૬ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-sd/-
**(ડૉ. અનંત ગર્ગ)**
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(સા.ન્યા)ના મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ), નાણાં વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
- જિલ્લા તિજોરી અધિકારી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- સેક્શન અધિકારીશ્રી(બજેટ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી(કોમ્પ્યુટર સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર. ઉક્ત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- સિલેક્ટ ફાઈલ ૨૦૨૬